અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-૧૮

### -: પ્રકાશક :-

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …
www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@gmail.com

# અનુક્રમણિકા



| નં. | સૂરાનું નામ | પેજ |
|---|---|---|
| ૨૩ | સૂર-એ-મોઅમેનુન<br>(આયત ૧ થી ૧૧૮) | ૪ |
| ૨૪ | સૂર-એ-નૂર<br>(આયત ૧ થી ૬૪) | ૫૭ |
| ૨૫ | સૂર-એ-ફુરકાન<br>(આયત ૧ થી ૨૦) | ૧૧૩ |

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

قَدۡ اَفۡلَحَ الۡمُؤۡمِنُوۡنَ ۙ‏ ١

(૧) બેશક તે મોઅમીનો સફળ થઇ ગયા :

الَّذِيۡنَ هُمۡ فِىۡ صَلَاتِهِمۡ خٰشِعُوۡنَ ۙ‏ ٢

(૨) કે જેઓ પોતાની નમાઝોમાં કરગરે છે :

وَالَّذِيۡنَ هُمۡ عَنِ اللَّغۡوِ مُعۡرِضُوۡنَ ۙ‏ ٣

(3) અને જેઓ નકામી વાતોથી દૂર રહે છે.

وَالَّذِيۡنَ هُمۡ لِلزَّكٰوةِ فٰعِلُوۡنَ ۙ‏ ٤

(૪) અને જેઓ ઝકાત અદા કરતા રહે છે :

وَالَّذِيْنَ هُمْ لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ ۙ﴿۵﴾

(૫) અને જેઓ પોતાના ગુપ્ત ભાગોનું રક્ષણ કરે છે.

اِلَّا عَلٰٓى اَزْوَاجِهِمْ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُمْ فَاِنَّهُمْ غَيْرُ مَلُوْمِيْنَ ۚ﴿۶﴾

(૬) સિવાય પોતાની પત્નીઓથી અથવા પોતાના હાથે મેળવેલી (કનીઝો)ઓથી, તો તેઓ નિસંશય ઠપકાને પાત્ર નથી.

فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْعٰدُوْنَ ۚ﴿۷﴾

(૭) પછી જે કોઇ તે સિવાયની ખ્વાહીશ (ઇચ્છા) કરે તો તેઓજ અત્યાચારી છે.

وَالَّذِينَ هُمْ لِأَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ رٰعُونَ ﴿٨﴾

(૮) અને તેઓ (પણ સફળ થઇ ગયા) કે જેઓ પોતાની અમાનતોનું તથા વચન વાયદાનું પાલન કરે છે.

وَالَّذِينَ هُمْ عَلٰى صَلَوٰتِهِمْ يُحَافِظُونَ ﴿٩﴾

(૯) અને જેઓ પોતાની નમાઝોની કાળજી રાખે છે.

أُولٰٓئِكَ هُمُ الْوٰرِثُونَ ﴿١٠﴾

(૧૦) એજ લોકો તો (ખરા) વારસ છે :

الَّذِيۡنَ يَرِثُوۡنَ الۡفِرۡدَوۡسَ‌ ؕ هُمۡ فِيۡهَا خٰلِدُوۡنَ‏ ﴿۱۱﴾

(૧૧) જેઓ જન્નતુલ ફિરદોસને વારસામાં લઇ લેશે; જેમાં તેઓ હંમેશ માટે રહેનારા હશે.

وَلَقَدۡ خَلَقۡنَا الۡاِنۡسَانَ مِنۡ سُلٰلَةٍ مِّنۡ طِيۡنٍ‌ ۚ‏ ﴿۱۲﴾

(૧૨) અને ખરેખર અમોએ માણસને માટીના સત્વમાંથી પેદા કર્યો છે.

ثُمَّ جَعَلۡنٰهُ نُطۡفَةً فِىۡ قَرَارٍ مَّكِيۡنٍ‏ ۖ﴿۱۳﴾

(૧૩) પછી અમોએ તેને સુરક્ષિત (ગર્ભ) સ્થાનમાં વીર્યબિંદુ બનાવી મૂક્યું.

ثُمَّ خَلَقْنَا النُّطْفَةَ عَلَقَةً فَخَلَقْنَا الْعَلَقَةَ مُضْغَةً فَخَلَقْنَا
الْمُضْغَةَ عِظٰمًا فَكَسَوْنَا الْعِظٰمَ لَحْمًا ۗ ثُمَّ اَنْشَاْنٰهُ خَلْقًا
اٰخَرَ ؕ فَتَبٰرَكَ اللّٰهُ اَحْسَنُ الْخٰلِقِيْنَ ﴿١٤﴾

(૧૪) પછી અમોએ તે વીર્યના ટીપાને બાઝી ગએલા લોહીનો ગોળો બનાવ્યો, પછી તે બાઝી ગએલા લોહીને અમોએ માંસનો લોચો બનાવ્યો, પછી તે માંસના લોચામાં હાડકાં બનાવ્યા, પછી તે હાડકાં પર અમોએ માંસનું આવરણ ચઢાવ્યું, તે બાદ અમોએ (તેમાં રૂહ નાખી) તેની એક બીજી જ આકૃતિ (સર્જત) બનાવી; તો કેવો બરકતવાળો છે તે અલ્લાહ કે જે સર્વોત્તમ સર્જનહાર છે !

ثُمَّ اِنَّكُمْ بَعْدَ ذٰلِكَ لَمَيِّتُوْنَ ﴿١٥﴾

(૧૫) પછી તે બાદ તમે સઘળા ખરેખર મરવાના છો.

ثُمَّ اِنَّكُمْ يَوْمَ الْقِيٰمَةِ تُبْعَثُوْنَ ﴿١٦﴾

(૧૬) પછી કયામતના દિવસે તમે પાછા (કબરોમાંથી) ઉઠાડવામાં આવશો.

وَلَقَدْ خَلَقْنَا فَوْقَكُمْ سَبْعَ طَرَآئِقَ ۖ وَمَا كُنَّا عَنِ الْخَلْقِ غٰفِلِيْنَ ﴿١٧﴾

(૧૭) અને ખરેખર અમોએ તમારા પર સાત આસમાનો બનાવ્યા છે; અને અમે સૃષ્ટિ (સર્જન)થી અજ્ઞાત ન જ હતા.

وَاَنْزَلْنَا مِنَ السَّمَآءِ مَآءًۢ بِقَدَرٍ فَاَسْكَنّٰهُ فِي الْاَرْضِ ۖ وَاِنَّا
عَلٰى ذَهَابٍۢ بِهٖ لَقٰدِرُوْنَ ۚ﴿۱۸﴾

(૧૮) અમોએ આસમાનમાંથી જોઇતા પ્રમાણમાં પાણી ઉતાર્યું, પછી તેને ભૂમિમાં થંભાવી દીધું, અને નિસંશય અમે તેને લઇ જવા (વહાવી દેવા) ઉપર પણ કાબૂ ધરાવીએ છીએ.

فَاَنْشَاْنَا لَكُمْ بِهٖ جَنّٰتٍ مِّنْ نَّخِيْلٍ وَّاَعْنَابٍ ۘ لَكُمْ فِيْهَا
فَوَاكِهُ كَثِيْرَةٌ وَّمِنْهَا تَاْكُلُوْنَ ۙ﴿۱۹﴾

(૧૯) પછી અમોએ તે વડેજ તમારા માટે ખજૂરો (તથા) દ્રાક્ષના બગીચા પેદા કર્યા, જેમાં તમારા માટે (જાત જાતના) ઘણાં મેવા (ઉત્પન્ન થાય) છે,

અને તેમાંથી જ તમે (કેટલાક મેવા) ખાઓ પણ છો:

وَشَجَرَةً تَخْرُجُ مِنْ طُوْرِ سَيْنَآءَ تَنْۢبُتُ بِالدُّهْنِ وَصِبْغٍ لِّلْاٰكِلِيْنَ ﴿٢٠﴾

(૨૦) અને એક ઝાડ કે જે સીના (નામક) પહાડમાં ઉગે છે, તે એક (જાતનું) તેલ લઇને ઉગે છે, અને ખાનારાઓ માટે તરકારી પણ.

وَاِنَّ لَكُمْ فِى الْاَنْعَامِ لَعِبْرَةً ؕ نُسْقِيْكُمْ مِّمَّا فِىْ بُطُوْنِهَا وَلَكُمْ فِيْهَا مَنَافِعُ كَثِيْرَةٌ وَّمِنْهَا تَاْكُلُوْنَ ﴿٢١﴾ۙ

(૨૧) અને નિસંશય ચોપગાંઓમાં પણ તમારા માટે એક બોધપાઠ છે; જે કાંઇ તેમના પેટમાં છે

તેમાંથી અમે તમને (દૂધ) પાઇએ છીએ અને તેમાં તમારા માટે (બીજા પણ) ઘણા લાભ છે, અને તેમાંથી જ કેટલાકો (નું માંસ) પણ તમે ખાઓ છોઃ

وَعَلَيۡهَا وَعَلَى الۡفُلۡكِ تُحۡمَلُوۡنَ۝٢٢

(૨૨) અને તેમના પર તથા વહાણો પર તમે સવાર થઇ ફરો છો.

وَلَقَدۡ اَرۡسَلۡنَا نُوۡحًا اِلٰى قَوۡمِهٖ فَقَالَ يٰقَوۡمِ اعۡبُدُوا اللّٰهَ مَا لَـكُمۡ مِّنۡ اِلٰهٍ غَيۡرُهٗ ؕ اَفَلَا تَتَّقُوۡنَ۝٢٣

(૨૩) અને ખરેખર અમોએ નૂહને તેની કોમ તરફ (રસૂલ બનાવી) મોકલ્યો હતો, પછી તેણે (પોતાની કોમને) કહ્યું કે અય મારી કોમ ! તમે અલ્લાહની

ઇબાદત કરો, જેના સિવાય તમારો બીજો કોઇ માઅબૂદ નથી; તો શું તમે (તેના અઝાબથી) ભય નથી પામતા ?

فَقَالَ الْمَلَؤُا الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖ مَا هٰذَآ اِلَّا بَشَرٌ
مِّثْلُكُمْ ۙ يُرِيْدُ اَنْ يَّتَفَضَّلَ عَلَيْكُمْ ۭ وَلَوْ شَآءَ اللّٰهُ لَاَنْزَلَ
مَلٰٓئِكَةً ۚۖ مَّا سَمِعْنَا بِهٰذَا فِيْٓ اٰبَآئِنَا الْاَوَّلِيْنَ ۝٢٤

(૨૪) ત્યારે તેની કોમમાંથી જેઓ ઇમાન લાવ્યા ન હતા તેમના સરદારોએ કહ્યું કે આ (નૂહ) કાંઇજ નથી પણ તમારા જેવો એક માનવી છે, જે (એવું) ચાહે છે કે તમારા પર તે શ્રેષ્ઠતા ભોગવે; અને જો અલ્લાહ ચાહતે તો (તેના બદલામાં) ખરેખર

ફરિશ્તો ઉતારતે. અમોએ તો અમારા આગલા બાપદાદાઓ (ના સમય)માં પણ આવી વાત સાંભળી નથી.

اِنْ هُوَ اِلَّا رَجُلٌۢ بِهٖ جِنَّةٌ فَتَرَبَّصُوْا بِهٖ حَتّٰى حِيْنٍ ﴿٢٥﴾

(૨૫) આ કાંઇજ નથી પણ એક (સામાન્ય) માનવી કે જેને ગાંડપણ થઇ ગયું છે, માટે તમે તેના સંબંધમાં થોડો વખત રાહ જુઓ.

قَالَ رَبِّ انْصُرْنِيْ بِمَا كَذَّبُوْنِ ﴿٢٦﴾

(૨૬) (આથી નૂહે) અરજ કરી કે અય મારા પરવરદિગાર! તેમણે મને જૂઠલાવ્યો છે, માટે તું મારી મદદ કર.